# અઢાર પાસ



"આ તો લૉટરી લાગી ગઈ, લા!" મુકલાને પોતાને ભરોસો નહોતો બેસતો.

બિચારો મુકેશ મંકોડી શરીરે મંકોડીથીયે વિચિત્ર આકારનો છે. લાંબા સડી ગયેલા ભીંડા જેવા નાક ઉપર જાડા સાડા ચાર પાવરનાં ચશ્માં પહેરે છે. એના બેસી ગયેલા ગાલના ખાડામાં ઊગી ઊગીને ફૂટી ગયેલા ખીલના ડાઘને કારણ ગાલની સપાટી ચંદ્ર, મંગળ કે શુક્ર જેવા ગ્રહો જેવી છે. બિચારાની લવ-લાઇફ પણ ઉજ્જડ છે. એમાં એક એરંડા સમાન છોકરી પણ દૂર-દૂર સુધી દેખાય એવા ચાન્સ નથી.

તો મુકલાને લૉટરી ક્યાંથી લાગી?

વાત એમ છે કે મુકલો કૉલેજમાં સેકન્ડ યરમાં છે, પણ પોતાની ફીનો ખર્ચો કાઢવા માટે એક ઑનલાઇન શૉપિંગ કંપનીમાં ડિલિવરી બૉય તરીકે પાર્ટ-ટાઇમ જૉબ કરે છે. કંપની એને એના ખખડી ગયેલા ખટારા જેવા સ્કૂટરમાં પૂરવા માટે માત્ર 1500નું પેટ્રોલ-એલાઉન્સ આપે છે (જેના ભાવમાં 5 રૂપિયા 27 પૈસાનો અણધાર્યો ઘટાડો થયો ત્યારે મુકલાને ખુશીના ઍટેકથી આખી રાત ઊંઘ નહોતી આવી).

તો શું, મુકલાને લૉટરીમાં આખું પેટ્રોલથી ભરેલું ટૅન્કર મળી ગયું? ના. એની પાસે સિટીની બેસ્ટ ક્લબના, બેસ્ટ ગરબાના, રવિવારની નાઇટના... ટોટલ 18 પાસ આવી ગયા હતા!

શી રીતે? તો વાત એમ બની કે મુકલાની ઑનલાઇન શૉપિંગ કંપનીએ સન્ડે નાઇટના ભવ્ય ગરબાની ઇવેન્ટ સ્પૉન્સર કરી હતી. બિચારા મુકલાની એક્સ્ટ્રા ડ્યૂટી લાગી હતી. પાસિસ ડિલિવર કરવાની!

મૅનેજરે પેટ્રોલ એલાઉન્સમાં 300 રૂપિયા વધારી આપવાનું પ્રૉમિસ આપ્યું હતું. મુકલાના ઠાઠિયા સ્કૂટરની મર્સિડીઝ જેવી ઍવરેજને કારણે એનું તો 450નું પેટ્રોલ બળી જવાનું હતું પણ મોગેમ્બોથી કદરૂપો દેખાતો મૅનેજર એને નોકરીમાંથી કાઢી ના મૂકે એની બીકે મુકલાએ હા પાડવી પડી હતી.

પાસિસ વહેંચતા થયું એવું કે અલગ અલગ નવ બંગલે તાળું નીકળ્યું! ટૂંકમાં નવ દુની અઢાર પાસ 'અન-ડિલિવર્ડ' હતા!

મુકલો અઢારેઅઢાર પાસ એના બૉસને પાછા જ આપવાનો હતો ત્યાં એની જોડે નોકરી કરતો બારમું ફેલ બકો બોલી ઊઠ્યો. "મુકલા, મારાં તો નસીબ ખરાબ છે કે મું કૉલેજમાં નહીં ભણતો, બાકી અઢાર પાસ હોય તો મું સત્તર છોકરીઓને લઈને ગરબામોં જઉં!"

બસ, ત્યારે જ મુકલાને ભાન થયું કે "આ તો લૉટરી લાગી ગઈ લા!"

પણ 17 છોકરીઓ? એ પણ પોતાની કૉલેજની? બબ્બે વરસથી પોતે જે કૉલેજમાં જાય છે એમાંની એકેય છોકરીએ એની સામું પણ નથી જોયું એવી 'બ્યૂટીઓ'માંથી સત્તર શું, સાત પણ આવે તો ઘણું!

છતાં મુકલાએ હિંમત ના હારી. કૉલેજના કૉરિડૉરમાં ઊભા રહીને જે છોકરી ત્યાંથી પાસ થતી હોય તેને "એ-એસ્ક્યુઝ મી..." કહીને બોલાવવાની ટ્રાય કરી.

15 મિનિટની રિસેસમાં 37 છોકરીઓ પસાર થઈ, પણ એકેય છોકરીએ તેની સામે સેકન્ડના 37મા ભાગ માટે પણ મુકલા સામું જોયું નહિ.

હવે? હતાશ થયેલો મુકલો કેન્ટીનમાં ગયો. એક અડધી 'બાકી'માં લખાવીને એ ટેબલ પર બેઠો. ખિસ્સામાંથી પેલા ચળકતા લિસ્સા કાગળવાળા પાસ ટેબલ પર પત્તાની બાજીની માફક ગોઠવીને નિસાસા નાખતો હતો ત્યાં અચાનક કૉલેજની એક 'બ્યૂટી' નિહારિકાનો મિઠ્ઠો ટહુકો બરોબર એના ખભાની પાછળ સંભળાયો :

"હાઆઆય! તું તો મારા જ ક્લાસમાં છેને?"

"હેં? હા..." કરતો મુકલો કંઈ જવાબ આપે એ પહેલાં તો નિહારિકા તેના ખભે ધબ્બો મારીને તેના શરીરની અડોઅડ બેસી ગઈ!

ટેબલ પર પડેલા પાસિસને જોઈને બોલી "વા...આઆઉ! કઈ ક્લબના પાસ છે? ઓ માય ગૉડ! સન્ડેના છે? કેટલા છે?"

"અ-અઢાર – અઢાર છે. એઇટીન ઑન્લી!" મુકલો હજી જવાબ આપી રહે ત્યાં પેલી એને ચોંટી પડી.

"તારે મને ચાર પાસ તો આપવા જ પડશે! ના... ના... કોઈ દલીલ કરવાની જ નથી! હું, હર્ષિતા, રોમેશ અને નૌતમ ચારેય જણા... જોડે તારે તો આવવાનું જ હોયને! અમે તને પિક-અપ કરી લઈશું! નૌતમની કારમાં! ઓકે? બોલ, તું ક્યાં હોઈશ, સન્ડેના? અને... સૉરી હો, તારું નામ... હું ભૂલી ગઈ..."

બિચારો આસમાનમાં ઊડી રહેલો મુકલો વિમાનના ટૉઇલેટમાંથી ફેંકાયેલા એંઠવાડની જેમ નીચે પછડાયો. મનમાં થયું, "સાલીને મારું નામ પણ ખબર નથી અને પાસ જોઈએ છે?"

ચિડાયેલા મુકલાએ ગળું ખોંખારીને ના પાડી દીધી. "એમાં શું છે કે પાસ તો છે. એક્સ્ટ્રા બી છે, પણ હજી કન્ફર્મ નથી થયું."

નિહારિકા તરત જ હસી પડી. "ઓકે? કન્ફર્મ થાય એટલે કહેજે હોં? અને આપણા પાંચ પાસ તો રાખવાના જ છે, ઓકે, ડિયર? જલસા કરીશું!"

નિહારિકા મુકલાના ગાલે હળવી કિસ કરીને પતંગિયાની જેમ ઊડતી ઊડતી જતી રહી. મુકલાને થયું... "યાર, ખોટી ના પાડી હોં! હજી પાસનું નામ પડ્યું છે, અને કિસ મળી છે તો આગળ શું-શું થશે?"

મુકલો બાકી રહેલી ચા પતાવવાને બદલે સપનામાં સરી પડ્યો. ચા એની મેળે ઠંડી પડી ગઈ.

મુકલો એના સપનામાં નિહારિકા જોડે ગરબા ગાતાં-ગાતાં અથડાઈને લીલીછમ લોન ઉપર સ્લો-મોશનમાં પડી જ રહ્યો હતો ત્યાં એનું સપનું તૂટી ગયું! એની આસપાસ અડધો ડઝન છોકરીઓ કલબલાટ કરતી ઊભી હતી!

"હાય મુકેશ! તું તો મારો બેસ્ટ ફ્રેન્ડ છેને!" એક છોકરી પોતાની જાળ નાખે તે પહેલાં બીજીએ લંગસિયું નાખ્યું :

"જા જા! મુકેશ તો મારા ક્લાસમાં મારી આગલી બેન્ચ પર જ બેસે છે!"

ત્રીજીએ એમાં ફાચર મારી "બેસ બેસ, આ વખતે મુકેશ એક જ એવો છોકરો હતો જેને મેં રાખડી નહોતી બાંધી! હેં ને, મુકુ?"

ચોથી છોકરી ફાચરમાં ટાંગ અડાડે એ પહેલાં કૉલેજના ચાર સૌથી હૅન્ડસમ છોકરાઓ તેની પીઠ પર ધબ્બો મારીને આજુબાજુમાં બેસી ગયાં.

"એય છોકરીઓ, આઘી ખસો! ધિસ ઇઝ બિટવીન ભઈબંધ ટુ ભઈબંધ! બૉલ મુકા, આપડી જોડે ફાવશેને! સાંભળ... બાટલી, બેબલી અને બૅન્ગ બૅન્ગ... ત્રણેય જલસા જોડે કરીશું, શું કહે છે!"

મુકલો હવે બઘવાઈ ગયો. સાલી લૉટરી તો ગજ્જબની લાગી ગઈ હોં!

એણે ઝડપથી અઢારેઅઢાર પાસ ભેગા કરીને ખિસ્સામાં ખોસી દીધા, પણ પછી શી ખબર, શું સૂઝ્યું કે એનાથી બોલાઈ ગયું : "એક પાસના 600 રૂપિયા થશે!"

અચાનક ત્યાં સન્નાટો છવાઈ ગયો.

■

# ડબલ શાહરુખ



'હેએએય! મુઝે પહેચાના તો નહીં?'

મુંબઈની એક ફૂટપાથ પર પાંઉભાજીની લારી ચલાવતો રઘુ ચિપલુણકર મોડી રાત્રે, ઘરાકી પતી ગયા પછી, પોતાની લારી બંધ કરવાની તૈયારીમાં હતો ત્યાં જ રિક્ષામાંથી ઊતરીને આવેલા નવા ઘરાકને જોઈને તે ચોંકી ગયો!

"હાઈલા! શાહરુખ ખાન? આપ?"

"શી.... શ!" શાહરુખ ખાને નાક ઉપર આંગળી મૂકીને ચૂપ રહેવાનો ઇશારો કરતાં આજુબાજુ નજર નાખી લીધી.

"ક્યા હૈ, ફાઇવ સ્ટાર હોટલોં કા ખાના ખાતે ખાતે મૈં પક ગયા હૂં! વહી સાલા ફીકા ફીકા સ્વાદ.... ઉં? ભાઈ સાહબ, પાંઉભાજી કા અસલી કરારા સ્વાદ ચખે તો બરસોં હો ગયે! એક બના દેંગે, મેરે લિયે?"

બિચારો રઘુ ચિપલુણકર તો ઘેલો ઘેલો થઈ ગયો! "બૈઠીયે ના, શાહરુખજી! બૈઠિયે ના! અભી બનાતા હું!"

"જરા તીખા બનાના, મસાલેદાર... ડબલ બટર માર કે!"

શાહરુખ જરા સાઇડના સ્ટૂલ પર જઈને બેઠો. તેણે હજી ગૉગલ્સ પહેરી રાખ્યાં હતાં. આસપાસથી પસાર થતાં વાહનોનું ધ્યાન ના ખેંચાય એટલા ખાતર કાળા જાકીટનો કૉલર ઊંચો કરી દીધો.

મસ્ત ગરમાગરમ પાંઉભાજી ખાધા પછી તેણે જાકીટના ખિસ્સામાં હાથ નાખતાં પૂછ્યું "ભૈયા કિતના હુઆ?"

ચિપલુણકર ગળગળો થઈ ગયો. "અરે ક્યા સા'બ! આપ સે પૈસા કૈસે લે સકતા હું? બસ, એક સેલ્ફી લેને દો, આપ કે સાથ."

બસ, એ જ વાતે શાહરુખે હસીને ઇનકાર કરી દીધો. "ક્યા હૈ, કિ આજ તુમ સેલ્ફી લોગે, કલ ઉસકા પ્રિન્ટ નિકાલ કે અપને ઠેલે પે લગાઓગે... ઔર પરસોં સે યહાં ભીડ જમા હોને લગેગી! ફિર મૈં તો ઇધર આ હી નહીં સકતા ના?.... ઉં? અગર ચાહતે હો કિ મૈં યહાં આતા રહું, તો..."

ચિપલુણકર માની ગયો. મોબાઇલ પાછો મૂકી દીધો. શાહરુખ ખાન તેનો ખભો થપથપાવી, હાથ મિલાવીને જતો રહ્યો.

■

...એ શાહરુખ નહોતો, બબ્બન હતો! શાહરુખનો ડુપ્લિકેટ! ઓછા અજવાળામાં અને બહુ ટીકી-ટીકીને ના જુઓ તો શાહરુખ જ લાગે.

ફિલ્મોમાં એને ડુપ્લિકેટનું કામ મળી રહેતું. બબ્બન અચ્છો ડાન્સર હતો. શાહરુખનાં સ્ટેપ્સની અદ્દલોઅદ્દલ કૉપી કરી લેતો હતો. હા, ફાઇટ સીન માટે અલગ ડુપ્લિકેટો હતા. આપણા બબ્બનને તો ગાયનોમાં જ્યારે કૅમેરો દૂર ગોઠવેલો હોય, ખાસ કરીને ભીડમાં અથવા પહાડોની ટોચ ઉપર હીરોઇન સાથે નાચવાનું હોય ત્યારે તેને ડુપ્લિકેટ ઍક્ટ્રેસ જોડે ઊભો કરી દેવામાં આવતો.

શૂટિંગ હોય ત્યારે તો પૈસા ઠીકઠાક મળી રહેતા હતા, પણ જ્યારે દિવસો લગી તેનું કામ ના હોય ત્યારે બબ્બનની દશા ખરાબ થઈ જતી હતી. નાનામોટા કૉમેડી-મિમિક્રી શો પણ કંઈ રોજેરોજ થોડા હોય?

એવામાં એક દિવસ જ્યારે બબ્બનનાં ખિસ્સાં સાવ ખાલી થઈ ગયાં અને પેટમાં પણ મોટી પોલ પડી હતી ત્યારે એણે આ આઇડિયા અજમાવ્યો.

પાંઉભાજી મફતમાં ખાવા મળી ગઈ! બસ, એ દિવસથી બબ્બન રોજ રાતનું 'ડિનર' આ જ રીતે કરતો થઈ ગયો. એણે અલગ અલગ એરિયામાં એવી લારીઓ શોધી કાઢી, જે થોડા અંધારામાં હોય અને જ્યાં ખાસી ઘરાકી ના થતી હોય.

પાંઉભાજી ઉપરાંત તેણે ઈંડાં-આમ્લેટ, ફિશ-ફ્રાય, ચિકન-ફ્રાય, છોલેપુરી તથા ચાઇનીઝ ફૂડની લારીઓ પણ શોધી રાખી હતી.

છેલ્લાં ચાર વરસથી બબ્બનનો આ ખેલ ચાલી રહ્યો હતો. બસ, આ 'ઝીરો' ફ્લોપ ગયું ને, એ પછી શાહરુખની જેમ બબ્બનની પણ દશા બેસી ગઈ! થયું એવું કે...

■

"આઈયે! આઈયે શાહરુખસા'બ!"

બબ્બન હજી રિક્ષામાંથી ઊતરીને પેલા રઘુ ચિપલુણકરની ભાજીપાંઉની લારી પાસે પહોંચે એ પહેલાં જ કોઈ ઊંચા સરખા પહોળા માણસે ઑલમોસ્ટ અમરીશ પુરીનો અવાજ કાઢીને તેને આવકાર આપ્યો!

બબ્બન ચોંક્યો. "બિચારા અમરીશ પુરીના ડુપ્લિકેટને હવે પાંઉભાજીની લારી ચલાવવી પડે છે?"

એ નજીક ગયો. ગોગલ્સ સહેજ નીચાં કરીને શાહરુખની અદામાં ગાલમાં ડિમ્પલ પડે એ રીતે સ્માઇલ આપતાં કહ્યું "હેએએય! મુઝે કહીં પહેચાન તો નહીં લિયા?"

"સરજી, આપ કો કૌન નહીં પહેચાનતા?" પેલાએ અમરિશ પુરીની જેમ જ અટ્ટહાસ્ય કરતાં બબ્બનનો ખભો હચમચાવી નાખ્યો.

"આપ બૈઠીયે, મૈં આપ કી ફેવરિટ ગરમાગરમ તીખી મસાલેદાર પાંઉભાજી ડબલ બટર માર કે લે આતા હું..."

બબ્બન બેઠો તો ખરો, પણ આખો માહૌલ એને શંકાસ્પદ લાગી રહ્યો હતો. ચિપલુણકરને બદલે લારીનો વહીવટ કરનારો માણસ પાંઉભાજી બનાવવાને બદલે વારાફરતી ફોનો કરી રહ્યો હતો : "આ જાઓ ભઈ, આ જાઓ! શા'રુખજી પધાર ચુકે હૈં..."

"હેએએય! યે ક-કક-ક-કિસ કો ફોન કરકે બુલા રહે હૈં?" બબ્બનને ગભરામણ થતી હતી એટલે શાહરુખના તોતડાપણાની મિમિક્રી પણ પર્ફેક્ટ રીતે નીકળી.

પેલો હસ્યો. "ફિકર મત કરો શાહરુખસા'બ, સબ આપ કે ફેન હી હૈં..."

થોડી જ વારમાં શાહરુખના દસ બાર 'ફેન' આવી ચડ્યા! કોઈ જીપમાં આવ્યું, કોઈ બાઇક ઉપર તો કોઈ સ્કૂટર ઉપર... કોઈના હાથમાં ડંડો હતો, કોઈના હાથમાં હૉકી તો કોઈના હાથમાં લોખંડની ચેઇન હતી!

બબ્બનનું તોતડાપણું વધી ગયું. "હેએએએય! ક-ક-ક-કકકક ક્યા હો રહા હૈ? ઉં?"

"દેખિયે, મૈં મુંબઈ કે લારી-ગલ્લા ઍસોસિયેશન કા પ્રેસિડેન્ટ હૂં. યે જનરલ સેક્રેટરી હૈ... યે ખજાનચી હૈ... ઔર બાકી સારે ફાઉન્ડર મેમ્બર હૈં..."

બબ્બનના ટાંટિયા ધ્રૂજવા લાગ્યા. અમરિશ પુરી જેવા લાગતા પેલા પ્રેસિડેન્ટે તેના ગાલે પોતાનો પંજો ફેરવતાં કહ્યું "યે તો અચ્છા હુઆ કિ કલ હમારી જનરલ બૉડી મિટિંગ થી... વહાં ઈસ લારીવાલે ચિપલુણકરને બડે ગર્વ કે સાથ બતાયા કિ શાહરુખ તો ઉસ કા રેગ્યુલર કસ્ટમર હૈ! તભી પતા ચલા કિ શાહરુખસા'બ, આપ તો હમારે પચાસ મેમ્બર કે ખાસ કસ્ટમર હો!... અબ આપ કા સન્માન તો કરના પડેગા ના?"

બીજી જ ક્ષણે બબ્બન સમજી ગયો કે હવે બહુ ધુલાઈ થશે... બબ્બન એનો જીવ બચાવીને ભાગ્યો!

જોકે ભાગવા જતાં એનો પગ લાઇટના થાંભલા સાથે ખરાબ રીતે અથડાયો અને એના ઘૂંટણની ઢાંકણી ફ્રૅક્ચર થઈ ગઈ!

હવે તમે જ કહો, લંગડી ચાલે ચાલતો શાહરુખ ડાન્સ કરે તો કેવો લાગે? ટૂંકમાં, બિચારા બબ્બનને શાહરુખનું કામ મળતું બંધ થઈ ગયું.

હવે એ વિચારી રહ્યો છે કે એકાદ પાંઉભાજીની લારી ચાલુ કરી દે.

શી ખબર, કોઈક દહાડો ખરેખર અસલી શાહરુખ આવીને કહે કે...

■

# ખિખિયાટા ગેંગ



"સુન ખિખિયાટે! તેરી ગૅન્ગ કો લે કર આજ ચાર બજે 'નાઝ' બિલ્ડિંગ પહુંચ જાના!"

પંજાબી પ્રોડ્યુસર ડિમ્પલ ડિમ્પી હજી કંઈ આગળ બોલે એ પહેલાં ફોનમાંથી ખીખીખીખી કરીને મોટા ખિખિયાટા સાથે સતત હસવાના વિચિત્ર અવાજો આવ્યા, પછી કોઈ બોલ્યું, "હીહીહી... ઉધર જા કે કિસ પે હંસના હૈ? ખી... ખી... ખી..."

"હસના બંધ કર! ઔર ડિટેલ સુન લે. 'નાઝ' બિલ્ડિંગ મેં ફિફ્થ ફ્લોર પે જો પ્રિવ્યુ થિયેટર હૈ, વહાં મૈંને કુછ ડિસ્ટ્રિબ્યુટર્સ બુલાયે હૈં..."

"સમજ ગયા! ખીખીખી... સમજ ગયા! દસ જન જાયેંગે. એક કા દસ હજાર લગેન્ગા."

'મતલબ કિ ટોટલ એક લાખ? નહીં... નહીં...' પ્રોડ્યુસર ડિમ્પીએ ફોનમાં રકઝક કરવા માંડી. છેવટે 70 હજારમાં સોદો નક્કી થયો, ત્યારે ડિમ્પીને હાશ થઈ. ફોન મૂકતાં તે બબડ્યો 'સાલા યે ખુશાલ ખિખિયાટા, આદમી તો કામ કા હૈ...'

■

જી હા, એનું નામ જ 'ખુશાલ ખિખિયાટા' પડી ગયું હતું.

બાળપણથી એના મગજના મૅન્યુફેક્ચરિંગમાં એકાદ સ્ક્રૂ ઢીલો રહી ગયો હશે કે કેમ, પણ એને કોઈ પણ વાતમાં હદબહારનું હસવું ચઢી જતું હતું. વળી એનું હસવું એટલું ચેપી કે તેને 'હસતો જોઈને જ' બીજાઓની બત્રીસી ખૂલી જતી હતી.

ખુશાલ મોટો થયો પછી, તેના દસ-બાર દોસ્તોની એક 'ખિખિયાટા ગૅન્ગ' બની ગઈ હતી. એ ગૅન્ગ જ્યાં પણ જાય ત્યાં વિના કારણે હાસ્યનાં હુલ્લડો ફાટી નીકળતાં. કોઈના મૅરેજ-રિસેપ્શનમાં ગયા હોય ત્યાં, કે સ્ટેજ ઉપર ચડવા જતાં કોઈ જાડિયાનો પગ લપસતો જોઈને, કે પછી પાણીપૂરી ખાવા જતાં કોઈનું પલળી જતું પેટ જોઈને આ ગાંડિયાઓ એટલું બધું હસતા કે ત્યાં હાહા-હોહો-હીહી-કાર મચી જતો! એ તો ઠીક, ક્યારેક આ ગેંગ કોઈના બેસણામાં પહોંચી ગઈ હોય તો સોગિયાં ડાચાવાળા લોકો એમને મારી મારીને ભગાડતી વખતે પોતે જ હસવે ચડી જતા હતા!

પ્રોડ્યુસર ડિમ્પલ ડિમ્પીએ આ ખુશાલ ખિખિયાટાની ગૅન્ગને પહેલી વાર એક મલ્ટિપ્લેક્સમાં જોઈ હતી. શુક્રવારે રિલીઝ થયેલી કૉમેડી ફિલ્મ સાવ ફાલતુ હતી છતાં આ ગૅન્ગ એવું હસવે ચડી કે આખું ઑડિયન્સ ખડખડાટ હસતું થઈ ગયું હતું!

બસ, એ દિવસથી ડિમ્પલ ડિમ્પીએ ખુશાલ ખિખિયાટાની ગૅન્ગ માટે નવો 'ધંધો' શોધી કાઢ્યો હતો. કોઈ પણ કૉમેડી ફિલ્મ રિલીઝ થાય એમાં શુક્ર-શનિ-રવિના સળંગ ચારેચાર શોમાં જવાનું અને હસીહસીને ફિલ્મને હિટ સાબિત કરી આપવાની!

ખુશાલ ખિખિયાટાની ગૅન્ગ આમાં 'પ્રોફેશનલ' નીકળી. એ લોકો ક્યાંકથી 'ડિઓ-સ્પ્રે'ની ડબ્બીમાં 'લાફિંગ ગૅસ' ભરાવી લાવતા હતા. ચાલુ ફિલ્મોમાં હસીહસીને ઓળોટતાં એ લોકો સિફતથી 'લાફિંગ ગૅસ' સ્પ્રે કરી દેતા!

એ વખતે તો ડિમ્પી મુંબઈમાં માત્ર ડિસ્ટ્રિબ્યુટર હતો, પણ હવે એ પ્રોડ્યુસર બન્યો હતો, એટલે જ તેને ૭૦ હજારનો સોદો સસ્તો લાગતો હતો.

■

ખુશાલ ખિખિયાટાની ગૅન્ગ 'નાઝ' બિલ્ડિંગમાં થોડી મોડી પહોંચી. શો ચાલુ થઈ ગયો હતો. મુંબઈના આ બિલ્ડીંગમાં અલગ અલગ ફ્લોર ઉપર મળીને ચાર-પાંચ પ્રિવ્યૂ થિયેટરો છે, જેનો ઉપયોગ ફિલ્મ ઇન્ડસ્ટ્રીવાળા પોતાની પૂરી અથવા અધૂરી ફિલ્મો ફાઇનાન્સરોને કે ડિસ્ટ્રિબ્યુટરોને બતાડવા માટે કરતા હોય છે. ફાઇનાન્સરોને અધુરી ફિલ્મના ગાયનો કે ફાઇટના સીનો બતાડવામાં આવે, થોડી સ્ટોરી સંભળાવવામાં આવે અને પછી એમને રસ પડે તો રૂપિયા રોકવા માટે વાટાઘાટો શરૂ થાય. એ જ રીતે ડિસ્ટ્રીબ્યુટરોને આખેઆખી ફિલ્મ બતાડીને દેશના વિવિધ વિસ્તારોમાં પ્રદર્શિત કરવા માટે વેચાણના સોદા નક્કી થાય. મુંબઈના 'નાઝ' બિલ્ડીંગમાં આવું બારે મહિના ચાલતું હોય છે.

ખુશાલ ગૅન્ગને શરૂઆતમાં તો ફિલ્મમાં કંઈ ટપ્પી જ ના પડી. કોઈ વિક્રાંત વિદ્રોહી નામના નવાસવા ડિરેક્ટરે અનુરાગ કશ્યપના વહેમમાં આવીને 'ગૅન્ગ્સ ઑફ બુધિયાપુર' નામની નવી મૂવી બનાવી કાઢી હતી. દસેક મિનિટ તો ખુશાલની ગૅન્ગ ચૂપચાપ બેસી રહી, પણ એવામાં ફિલ્મનું

કોઈ પાત્ર ગંદી ગાળ બોલ્યું! બસ, એ સાંભળતાં જ ખુશાલની છટકી! એણે હસવાનું ચાલુ કર્યું.

નેચરલી, એની ગેન્ગને તો ચેપ લાગવાનો જ હતો?

ત્યાં તો વળી કોઈ 'ભાભી'ના પાત્રે ગાળ બોલીને કોઈકને બે પગ વચ્ચે લાત ઠોકી દીધી! આ ગાળ તો સાવ 'નવી' હતી! ખિખિયાટા ગેન્ગને મઝા પડી ગઈ.

'અઈ સ્સાલા! ફિર સે દિખાઓ ના! ફિર સે દિખાઓના...' કરીને એ જ ગાળ એકબીજાને આપવા લાગ્યા!

એમને હસતાં જોઈને હવે ડિસ્ટ્રિબ્યુટરોને હસવું આવવા લાગ્યું. એમાં એક સીનમાં કોઈ ઇન્સ્પેક્ટર તેના હવાલદારને પોતાની ચંપલે-ચંપલે ધોઈ નાખે છે, એ જોઈને તો તમામ ખિખિયાટા ગાંડા-ગાંડા થઈ ગયા! 'માર! માર સ્સાલે કો! ઔર જોર સે માર!'

પ્રોજેક્શન રૂમમાં બેઠેલો બિચારો નવોસવો ડિરેક્ટર પોતાના વાળ ખેંચવા લાગ્યો "કૌન હૈ યે લોગ? મેરી આર્ટ-ફિલ્મ કી માઁ-બહેન કર કે રખ દી હૈ! નિકાલો ઉનકો!"

જવાબમાં ડિમ્પીના માર્કેટિંગ મૅનેજરે ચોખ્ખી ના પાડી દીધી. 'નહીં નિકાલ સકતે! યે તો પ્રોડ્યુસર કે આદમી હૈં.'

આગળ જતાં તો ફિલ્મમાં જાતજાતની 'રિયાલિસ્ટિક' ઘટનાઓ ઉપર ખિખિયાટા ગેન્ગ આળોટી-આળોટીને હસવા માંડી! ક્યાંક સોપારી લઈને મર્ડર કરવા નીકળેલા ગુંડાઓના સ્કૂટરમાં પંક્ચર પડે, તો ક્યાંક વિલનના હાથમાંથી છટકેલી મશીનગન પગથિયાં ઉપર પછડાતી એની મેળે જ ગોળીઓ છોડતી જાય...

...ઇન્ટરવલ પડ્યો ત્યાં સુધીમાં તો દસેદસ ડિસ્ટ્રિબ્યુટરો હસીહસીને એવા લોટપોટ થઈ ગયા હતા કે બધાની આંખોમાં પાણી! અસર લાફિંગ ગૅસની પણ હતી. નાક લાલઘૂમ થઈ ગયાં હતાં!

'ઓયે મઝા આ ગયા! અબ આગે થિયેટર મેં હી દેખેંગે! ચલો, યે ઍડ્વાન્સ મની રખ લો!' જોતજોતામાં ડિસ્ટ્રિબ્યુટરો આખી ફિલ્મને 35 કરોડમાં ખરીદવાનો સોદો કરીને રવાના થઈ ગયા!

ડિમ્પીનો માર્કેટિંગ મૅનેજર તો 'ખુશીથી' પાગલ થઈ ગયો. તેણે તરત જ ડિમ્પીને ફોન લગાડ્યો.

'સરજી! આપ કી પિકચર 35 કરોડ મેં બિક ગઈ!'

'35 કરોડ?' ડિમ્પી ભડક્યો. 'અબે સાલે, મેરી કૉમેડી મૂવી 'કમ-અક્કલસ' બની હી 32 કરોડ મેં હૈ!'

'અરે સરજી, મૈં વો મૂવી કી બાત નહીં કર રહા... યે તો અપની 10 કરોડવાલી લો-બજેટ મૂવી થી ના, 'ગૅન્ગ્સ ઑફ બુધિયાપુર'... ઉસ કી પ્રાઇઝ હૈ! સરજી, આપને ક્યા ઓડિયન્સ ભેજા થા, સબ કો હંસા હંસા કે પાગલ બના ડાલા!'

ડિમ્પીના મગજમાં પૂરા અઢી ઇંચના 'બમ્પ' જેવું ગુમડું ફૂટી નીકળ્યું.

'અબે વો ખિખિયાટા ગૅન્ગ સિક્સ્થ ફ્લોર પે પહુંચ ગઈ? મૈં ને ઉન કો ફિફ્થ ફ્લોર મેં જાને કો બોલા થા...'

■ ■ ■

# છૂટક સ્પેરપાર્ટ્સવાળો બૉયફ્રેન્ડ!



**મા**હિતી નંબર એક : 'ટિંડર' 'બમ્બલ' 'લવલી લવર્સ' વગેરે ટાઇપની ડેટિંગ ઍપ આવે છે. જેના વડે તમે તમારી મનપસંદ વ્યક્તિ સાથે ફોન પર વાતચીત કરીને પછી ક્યાંક રોમૅન્ટિક સાંજ ગુજારવા મળી શકો છો.

માહિતી નંબર બે : તમે જેમ્સ બૉન્ડનું 'સ્કાય ફૉલ' મૂવી જોયું છે? એના વિલનનું ડાચું એટલું ખરાબ રીતે છૂંદાઈ ગયું હોય છે કે એણે ચહેરાને સરખો શેપમાં રાખવા માટે નકલી દાંત, નકલી આંખ તથા નકલી હાડકાં મોં વડે પહેરી રાખવાં પડે છે.

હવે આશ્ચર્ય નંબર એક! વિક્ટર વર્મા નામના એક જુવાનને જેમ્સ બૉન્ડના વિલન જેવી તકલીફો હોવા છતાં એ છોકરો 'ટિંડર' ટાઇપની ઍપ વડે એક ડઝન જેટલી છોકરીઓને પટાવી ચૂક્યો હતો!

ઓકે. માંડીને વાત કરીએ.

વિક્ટર વર્મા બિચારો બે વરસ પહેલાં હેન્ડસમ હતો. કૉલેજની 117માંથી 107 છોકરીઓ એની ઉપર ફિદા છે એવો એને વહેમ હતો. વિક્ટર વર્મા એ 107માંથી કમ-સે-કમ 17 છોકરીઓને તો પોતાની રેડ બાઇક પાછળ બેસાડીને 'ફેરવી' ચૂક્યો હતો. એ 17માંની 7 જોડે એને સિરિયસ 'અફેર' પણ થઈ ગયો હતો. બસ, એ 7માંથી 1ની જોડે સ્ટેડી 'રિલેશનશિપ'થઈ જાય એની જ એ રાહ જોતો હતો.

ત્યાં વિક્ટર વર્માના સ્પેરપાર્ટ્સ છુટ્ટા પડી ગયા! બન્યું એવું કે એક ઍક્સિડન્ટમાં વિક્ટરની એક આંખ કાણી થઈ ગઈ, નાક છૂંદાઈને અથાણું થઈ ગયું, અડધું જડબું દાંતના ચોકઠા સહિત તૂટીને છૂટું પડી ગયું, થાપાનું હાડકું ફ્રેક્ચર થઈ ગયું અને એક પગને ઘૂંટણથી કાપવો પડ્યો.

એ પછી બિચારો વિક્ટર છૂટક સ્પેરપાર્ટ્સ વડે જીવતો થઈ ગયો. પગમાં 'જોધપુર ફૂટ' પહેરવો પડે, મોંમાં દાંતનું ચોકઠું નાંખવું પડે, આંખની બખોલમાં લખોટી જેવી નકલી આંખ ખોસવી પડે અને 'નાક' યાને કે 'ઇજ્જત' જેવું કંઈ છે એવું દેખાડવા માટે પ્લાસ્ટિકનું નાક ચશ્માં જોડે ફીટ કરેલું હોય એવા જાડી ફ્રેમના ઇન્ટેલેક્ચ્યુઅલ લુક ધરાવતાં ચશ્માં પહેરવા પડતાં હતાં.

બિચારા વિક્ટરની આખી રોમૅન્ટિક લાઇફ ખતમ જ થઈ ગઈ હોત, પણ એક દિવસ એને મારિયા મળી ગઈ.

મારિયા મુંબઈની ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં 'સ્ટ્રગલર' હતી. એનાં સપનાં તો 'મણિકર્ણિકા' જેવી મેગા-બજેટની બ્લૉક બસ્ટર ફિલ્મ બનાવવાનાં હતાં, પરંતુ ઍપાર્ટમેન્ટનાં ભાડાં અને કારના હપતા છૂટે એટલા ખાતર તે ઍડ. ફિલ્મો, ડૉક્યુમેન્ટરીઓ વગેરે જે કામ મળે તે કરી લેતી હતી.

એક રાત્રે શૂટિંગ પતાવ્યા પછી તે એક લેટ-નાઇટ રેસ્ટોરાંમાં ચિકન-પુલાવ ખાતી હતી ત્યાં એણે દૂરના ટેબલ પર બેઠેલા વિક્ટરને જોયો.

રેસ્ટોરાંની ડીમ લાઇટોમાં વિક્ટર હૅન્ડસમ લાગી રહ્યો હતો. એ પણ ચિકન-પુલાવ ખાઈ રહ્યો હતો, પરંતુ પોચી ગાદીવાળી ખુરશીમાં એને બેસતાં ફાવતું નહોતું એટલે એણે પોતાનો જોધપુર-ફૂટ ઘૂંટણથી દૂર કરીને પલાંઠી મારી દીધી!

મારિયા એને જોઈ જ રહી હતી. થોડી વાર પછી એને ચાવવામાં ફાવટ નહોતી આવતી એટલે પેલા પ્લાસ્ટિકના નાક સાથેનાં ચશ્માં ઉતારીને સાઇડ પર મૂકી દીધાં!

મારિયા ડઘાઈ ગઈ. પોતાનો ચિકન-પુલાવ ખાવાનું ભૂલીને તે વિક્ટરને જોઈ રહી. વિક્ટરે પોતાનું ખાવાનું પતાવ્યા પછી દાંતનું ચોકઠું કાઢીને ગરમ પાણીના બાઉલમાં ધોવા માંડ્યું!

મારિયાને પહેલાં લાગ્યું કે તે કોઈ હોરર મૂવી જોઈ રહી છે, પણ બે મિનિટ પછી એને એક જબરદસ્ત આઇડિયા આવ્યો. તેણે વિક્ટર પાસે જઈને કહ્યું :

"હલો જેન્ટલમૅન! વુડ યુ લાઇક ટુ ડેટ વિથ ડઝન્સ ઑફ બ્યૂટીફૂલ ગર્લ્સ?.. વન બાય વન?"

આ સાંભળીને વિક્ટરની નકલી આંખની લખોટી બહાર નીકળી ગઈ હતી!

મારિયાનો આઇડિયા બ્રિલિયન્ટ હતો. એક MTV ટાઇપની ઑન-લાઇન યુથ ચૅનલને યંગસ્ટર્સ માટે એક રોમૅન્ટિક છતાં ડિફરન્ટ 'રિયાલિટી' શો જોઈતો હતો. મારિયાનો આઇડિયા એ વેબ-ચૅનલમાં ક્લિક થઈ ગયો. પ્લાન મુજબ કામ શરૂ થઈ ગયું.

સૌથી પહેલા તો વિક્ટરને મોંઘા સૂટ, બ્રાન્ડેડ કપડાં વગેરે પહેરાવીને

મર્સિડીઝ, ઓડી, લેમ્બોર્ગિની જેવી કાર સાથે તેના ફોટા પાડવામાં આવ્યા. ફોટોશૉપ વડે ફોટાને ફિનિશિંગ ટચ આપીને વિક્ટરનું 'વિકી સિંઘાનિયા' નામનું ફેસબુક એકાઉન્ટ શરૂ થયું.

ત્યારબાદ વિકી માટે ડેટિંગ ઍપ દ્વારા જાતજાતની છોકરીઓ શોધવાની ચાલુ થઈ...

છોકરીઓની ફાઈનલ પસંદગી મારિયા જાતે જ કરતી. કોઈ ભોળી, કોઈ સ્વીટ, કોઈ બ્યૂટીફૂલ તો કોઈ ડાર્ક, કોઈ પરણેલી તો કોઈ જાજરમાન ડિવૉર્સી...

દરેક છોકરીને વારાફરતી અલગ અલગ રેસ્ટોરાંમાં બોલાવવામાં આવતી. વાતચીત દરમ્યાન વિકી ઉર્ફે વિક્ટર પોતે અબજોપતિ છે એવો દેખાડો કરતો.

જે ઘડીએ છોકરી પૂરેપૂરી બાટલામાં ઊતરી ગઈ છે એવું લાગે કે તરત વિક્ટર તેનો જોધપુર ફૂટ કાઢીને ટેબલ ઉપર મૂકી દેતો! ત્યાર બાદ નકલી નાક... એ પછી લખોટી જેવી આંખ...

છેવટે તેની આખી ખોપડી કોઈ હોરર મૂવીના કૅરેક્ટર જેવી થઈ જાય ત્યારે ભેદી અટ્ટહાસ્ય કરીને વિક્ટર પૂછતો “ડિયર, ડૂ યુ સ્ટીલ લવ મી?”

એક પછી એક છોકરીઓનાં જે રિઍક્શનો આવતાં એ જોવાની જબરદસ્ત મઝા પડતી હતી. આ રીતે બે-ત્રણ ડઝન છોકરીઓની મુલાકાત થઈ જાય પછી જ રિયાલિટી શો તરીકે ઑનલાઇન મૂકવાનો પ્લાન હતો...

કટ-બૅક ટુ' વારતાની શરૂઆત...

વિક્ટર વર્મા આ રીતે પૂરેપૂરી એક ડઝન યુવતીઓ જોડે ડેટિંગ કરી ચૂક્યો હતો. આજે તેરમી છોકરી આવવાની હતી. વિક્ટર તો એના ફોટા જોઈને જ પાગલ થઈ ગયો હતો. નૉર્મલ સેક્સી ફિગર 36-24-36 હોય. પરંતુ આ રોઝીનું ફિગર સીધું 44થી સ્ટાર્ટ થતું હતું!

... આખરે રોઝી 'બ્લુવિઝન' રેસ્ટોરાંમાં આવતી દેખાઈ!

વિક્ટર તેને દૂરથી જોતાં જ બે ધબકારા ચૂકી ગયો... શું સાલી હૉટમહૉટ લાગતી હતી!

ચળકતું રેડ કલરનું ફ્રન્ટ-બટન ટૂંકું શર્ટ અને બ્લૅક કલરની ટૂંકી શૉર્ટ!